ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૫.૭ ડીગ્રી
લઘુતમ : ૧૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૮ ટકા ● સાંજે ૨૭ ટકા

ગાંધીનગર તાપમાન

સેકટર-૧૬ ખાતે અજાણ્યા કાર ચાલકે તરખાટ મચાવ્યો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરના સેકટર-૧૬ માં ગતરાત્રીના રોજ અજાણી કાર ચાલકે તરખાટ મચાવ્યો છે. ધુમ સ્પીડે કાર ચલાવી સેકટર-૧૬ બ્લોક નં.૧૨૬-૧ અને ૧૨૬-૨ ખાતે મકાન ખાતે રહેતા વસાહતીઓના વાહનોને નુકશાન પહોંચાડ્યું છે. ધુમ સ્પીડે આવેલી કારે લોખંડની ફેન્સીંગની વાડ તોડી શેડનો લોખંડનો થાંભલો તોડીને બે એકટીવાને ઘસેડ્યા હતા. આ બનાવમાં એક મહિલાને હાથની આંગળી પર ફ્રેંકચર થયાનું સામે આવ્યું છે. જયારે એક નાનકડી દિકરીને ઈજા પહોચી હોવાનું ધ્યાને આવ્યું છે. રાત્રીના ૩ વાગ્યાના અરસામાં કાર ચાલકે હાહાકાર મચાવતા વસાહતીઓ એકઠા થઈ ગયા હતા.જયારે કાર ચાલક ભાગી છુટ્યો હોવાનું જાણવા મળ્યું છે.પરંતુ કારનું બમ્પર સ્થાનિક નાગરીકોના હાથે આવી ગયું છે. બનાવ અંગે જીતેન્દ્રભાઈ પરમારે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

પેટ્રોલ-ડિઝલના ભાવ વધારા સામે કોંગ્રેસની સાયકલ યાત્રા

પેટ્રોલ-ડિઝલના સતત વધી રહેલા ભાવ વધારાને પગલે યુથ કોંગ્રેસ દ્વારા વિરોધ વ્યકત કરવામાં આવ્યો હતો. જેમાં યુવાનોને રોજગારી આપો, ગેસના સિલિન્ડરના ભાવ ઓછા કરી મહિલાઓને રાહત આપો, અને કૃષિ કાયદાના વિરોધમાં સેકટર-૨૧ ધારાસભ્યના નિવાસસ્થાનથી વિધાનસભા સુધી સાઈકલ યાત્રા નીકાળવામાં આવી હતી. આ સાયકલ યાત્રામાં ઉંઘેલી ભાજપની સરકારને જગાડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. આ યાત્રામાં થરાદના ધારાસભ્ય ગુલાસિંહ રાજપૂત, શહેરના કોર્પોરેટર અંકિત બારોટ, ગાંધીનગર જિલ્લા યુથ કોંગ્રેસના પ્રમુખ શકિતભાઈ પટેલ, ગાંધીનગર શહેર યુથ કોંગ્રેસના પ્રમુખ કર્મજીતસિંહ વાઘેલા અને ગાંધીનગર જિલ્લા યુથ કોંગ્રેસના પ્રવકતા ફેનીલ પટેલ સહિત યુવા કાર્યકરો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

પીએચડી થયા

ગાંધીનગર, તા. ૧

સેક્ટર-૨૭ ખાતે રહેતા ખિનલ જયંતિલાલ પટેલે 'ઈન્ટ્રુશન ડીટેક્શન સીસ્ટમ યુઝીંગ મશીન લર્નિંગ ટેકનિક્સ ઈન ક્લાઉડ કમ્પ્યુટીંગ' વિષય પર ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીમાંથી પીએચડી થયા છે. ડૉ. જે.એચ. શાહે તેઓને માર્ગદર્શન આપ્યું હતું.

વિભિન્ન સ્થળેથી એકસાથે રાષ્ટ્રગીત ગાવા બદલ ૯૯ હજાર નાગરિકો સન્માનિત

ગાંધીનગર, તા.૧

હૈદરાબાદ ખાતેથી પ્રજાસત્તાક દિન તા.૨૬ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ આયોજિત દેશના વિભિન્ન સ્થળેથી રાષ્ટગીત 'જન મન ગણ' ગાવા માટેના દેશભક્તિના અનોખા કાર્યક્રમમાં ભાગ લેવા બદલ રાષ્ટ્રીય વિક્રમ 'ઈંડિયન બુક ઓફ રેકોર્ડ - ૨૦૨૧'માં ગાંધીનગરના સામાજિક કાર્યકર અને હિન્દી ગુજરાતી સાહિત્યકાર ડૉ ગુલાબચંદ પટેલનો સમાવેશ થયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ કાર્યક્રમમાં દેશભરમાથી વિભિન્ન લોકેશન્સ પરથી કુલ ૯૯૩૨૫ નાગરિકોએ ભાગ લીધો હતો જે તમામને ઈંડિયન બુક ઓફ રેકોર્ડ દ્વારા પ્રમાણપત્ર મોકલી આપવામાં આવ્યાં છે.

સેકટર-૨૨ પંચદેવ મંદિરનો ૫૪મો પાટોત્સવ ઉલ્લાસપૂર્વક યોજાયો હતો. આ અવસરે ગાયત્રી યજ્ઞ તથા શ્રી કાન્તિભાઈ યોગીના વ્યાસપીઠે સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે ભાવિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ, ગાંધીનગરની માર્ચ-૨૦૨૧ની કાર્યવાહક સમિતિની માસિક બેઠક તા. ૪-૩-૨૦૨૧ને ગુરૂવારના રોજ સંસ્થાના પ્રમુખ એસ.ડી.આર. મલિકના અધ્યક્ષસ્થાને સવારે ૧૧ કલાકે ગાયત્રી મંદિરની બાજુમાં, મહાદેવના મંદિરના પરિસરમાં, સેકટર-૧ ખાતે યોજાશે. જેમાં સંસ્થાના તમામ પદાધિકારીશ્રીઓ તથા કાર્યવાહક સમિતિના સભ્યશ્રીઓને અચુક હાજર રહેવા ગાંધીનગર શહેર પેન્શનર સમાજના પ્રવર મંત્રી રમણલાલ એમ. શ્રીમાળીએ જણાવ્યું છે. આ દરમિયાન કોરોના ગાઈડલાઈનનું અચુક પાલન કરવામાં આવશે.

નવકાર ફાર્મ હાઉસની ઓરડીમાં લુંટ ચલાવનાર બે શખ્સોને એસઓજીએ ઝડપી પાડ્યા

ઓરડીમાં ઘુસી આવેલા પાંચ શખ્સો છરો બતાવી સોના-ચાંદીના દાગીના, ફોન, સહિત કુલ રૂ.૨૪,૮૦૦ ની મત્તાની લુંટ ચલાવી બહારથી દરવાજો બંધ ખરી નાસી છુટ્યા હતા

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર - અમદાવાદ માર્ગ પર સુઘડ ગામની સીમમાં આવેલા નવકાર ફાર્મની ઓરડીમાં રહેતા પરિવાર સાથે ગત તા.૧૧ ના રોજ રાત્રીના સમયે લુંટની ઘટના બની હતી. ઓરડીમાં ઘુસી આવેલા પાંચ શખ્સોએ છરો બતાવી સોના-ચાંદીના દાગીના, ફોન, સહિત રોકડ મળી કુલ રૂ.૨૪,૮૦૦ ની મત્તાની લુંટ ચલાવી બહારથી દરવાજો બંધ ખરી નાસી છુટ્યા હતા. જયારે સવારે નવ વાગે ઓરડીનો દરવાજો ખુલતા પરિવારજનો બહાર નીકળ્યા હતા. આ ગુનાના બે આરોપીને એસઓજી પોલીસે પકડી પાડી ગુનાનો ભેદ ઉકેલી દીધો છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ એસઓજી પીઆઈ ડી.બી.વાળાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પેટ્રોલીંગમા હતા તે સમયે હેડ કોન્સ્ટેબલ સુરેશકુમારને આરોપીઓ અંગે બાતમી મળી હતી. જેને પગલે પોલીસે રાજુલાલ ચતુર્ભુજ ગુર્જર (ઉં.૩૫, રહે. કઠવાડા જીઆઈડીસી મુળ રહે. રાજસ્થાન) અને રાજસ્થાનના ભાગુલાલ અમરારામ ગુર્જર (ઉં.૨૫) ને પકડી પાડ્યો હતો. પોલીસે તેમની પાસેથી લુંટમાં ઉપયોગમાં લેવાયેલ છરો અને ફોન મળી આવ્યા હતા. ઝડપાયેલા બંન્ને શખ્સો સહિત પાંચ શખ્સો નવકાર ફાર્મમાં આવેલી ચોકીદારની ઓરડીમાં ઘુસી ગયા હતા. જેમાં બે શખ્સો છરા બતાવી ૧૫ હજારની સોનાની બુટ્ટી, ૨ હજારની કિંમતનો કાનનો ડિસ્કો, નાકમાં પહેરેલી ચુની, ચાંદીનું મંગળસુત્ર, શેરો અને બે સાદા ફોન અને રોકડા રૂ.૧૮૦૦ મળી કુલ રૂ. ૨૪,૮૦૦ ની મત્તાની લુંટ કરી પાંચ શખ્સો નાસી છુટ્યા હતા. લુંટનો પ્લાન બનાવનાર મુખ્ય સુત્રધાર હજુ ફરાર છે. તે હાથમાં આવ્યા પછી લુંટનો પ્લાન કેમ અને કેવી રીતે બનાવ્યો તે સામે આવી શકે છે. પાંચેય શખ્સો લોડીંગ રીક્ષામાં લુંટ માટે આવ્યા હતા. જયારે પોલીસના હાથે પકડાયેલા રાજુ અને ભાગુલાલનો કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી, પરંતુ રાજુ સામે પ્રોહીનો ગુનો નોંધાયો હોવાનું પ્રકાશમાં આવ્યું છે. પોલીસે અન્ય બાકી શખ્સોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

શ્રી ઉમિયા એજ્યુકેશન ટ્રસ્ટ, ગાંધીનગર દ્વારા ૩૨ માં માર્ગ સલામતી માસ અંતર્ગત ગાંધીનગરમાં માલ સામાનની હેર-ફેર કરતા વાહનની પાછળ રેડિયમ પટ્ટી લગાવવામાં આવી તેમજ ત્યાં આવેલ દરેક વ્યક્તિઓને રોડ સેફ્ટીના પ્રતિજ્ઞાપત્રો ભરાવવામાં આવ્યા હતા. રાત્રે થતાં રોડ અકસ્માત ઘટાડવા આ કવાયત હાથ ધરાઈ હતી.

સમાજને સારા માણસોની જરૂર છે : નાજાભાઈ ઘાંઘર

રોટરી કલબે જનતા કરફર્યુથી તા. ૩૦મી જુન સુધીના કોરોના મહામારીના લોકડાઉન સમયગાળામાં સેવા આપનારી ૨૩ સંસ્થાઓ તથા ૯૮ સેવાભાવી વ્યકિતઓને સન્માનિત કર્યા

ગાંધીનગર, તા.૧

'આજે સમાજને સારા માણસોની ખૂબ જરૂર છે અને કોરોના લૉકડાઉનમાં સારા વ્યકિતના દર્શન થયા છે.' આ વાતનો નિખાલસપણે એકરાર કરતા શહેરના ડેપ્યુટી મેયર નાજાભાઈ ઘાંઘરે રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા આયોજિત કોરોના વોરિયર્સના સન્માન કાર્યક્રમમાં મુખ્ય અતિથી પદેથી બોલતા કહ્યું હતું કે, 'રોટરી કલબ દ્વારા સારી સંસ્થાઓ અને સારી વ્યકિતઓનું સન્માન થઈ રહ્યું છે તે આનંદની વાત છે. સેકટર-૨૨માં રોટરી ફિઝિયોથેરાપી સેન્ટર ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં કોરોના લોકડાઉન દરમિયાન સમાજ ઉપયોગી અને માનવ કલ્યાણના કાર્યો કરનાર ૨૩ સ્વૈચ્છિક સંસ્થાઓ તથા ૯ વ્યકિતઓનું કોરોના વોરિયર્સ તરીકે સન્માન કરવામાં આવ્યું હતું.

કોરોના મહામારીમાં તા. ૨૦મી માર્ચથી તા. ૩૦મી જુન ૨૦૨૦ના લોકડાઉનના સમયગાળા દરમિયાન સેવા આપનારી સંસ્થાઓ તથા વ્યકિતઓ સહિતના કોરોના વોરીયર્સને સન્માનિત કરવાના કાર્યક્રમમાં ડેપ્યુટી મેયર નાજાભાઈ ઘાંઘર ઉપરાંત અતિથિ વિશેષ પદે રોટરી કલબના ડિસ્ટ્રિકટ ૩૦૫૪ના ઝોન-૯ના આસીસ્ટન્ટ ગર્વનર પ્રદીપ રસ્તોગી તેમજ કાર્યક્રમના સ્પોન્સર સંગિનીતા કેમિકલ્સ લિ.ના સીએમડી દિનેશસિંહ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન રોટરી કલબના પૂર્વ પ્રમુખ ડૉ. ધર્મેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમના આયોજન માટે પ્રોજેકટ ચેરમેન જશવંત ગાંધીના માર્ગદર્શન હેઠળ રોટરી કલબની ટીમે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમમાં રોટરી કલબ ઓફ ગાંધીનગરના પ્રમુખ કુલદીપ જૈન તથા સચિવ નીતિન પાડરિયા સહિત હોદ્દેદારોની ઉપસ્થિતિ સાથે સહકાર પ્રાપ્ત થયો હતો.

સન્માન પામનાર સંસ્થાઓના નામ

● જલારામ સેવા ટ્રસ્ટ ● ગેઝિયા ● નર્સિંગ કોલેજ, સે-૧૨ ● ઓમ લેન્ડમાર્ક સ્કૂલ, ચિલોડા● પારસમણી ફાઉન્ડેશન ● પ્રગતિ ફાઉન્ડેશન ● રાધે રાધે પરિવાર ● પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ ● જૈન સોશ્યલ ગ્રૂપ ● ધ પિન્ક ફાઉન્ડેશન ● લાયોનેસ કલબ ● વાત્સલ્ય ચેરિટેબલ ટ્રસ્ટ ● વી-કેર ફાઉન્ડેશન ● કડી સર્વ વિશ્વ વિદ્યાલય ● સિનીયર સિટીઝન્સ કાઉન્સિલ ● હેપ્પી યુથ કલબ ● પ્રયાસ ચેરિટેબલ ટ્રસ્ટ ● હ્યુમન ફાઉન્ડેશન ● ફિઝિયોથેરેપી કોલેજ, સે-૧૨

સંશોધન માટે ઉંમર હોતી નથી : ડો. કૌશલ જાની

રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણીમાં ગાંધીનગરના પ્રાધ્યાપકે ગુજરાત સાયન્સ સિટીના કાર્યક્રમમાં વક્તવ્ય આપ્યું



ગાંધીનગર, તા.૧

ભારતના મહાન વિજ્ઞાની ડો. સી વી રામન દ્વારા રામન ઈફેક્ટની તા.૨૮મી ફેબ્રુઆરી ૧૯૨૮માં રજૂઆત કરાઈ હતી તેના માનમાં દર વર્ષે તા.૨૮મી ફેબ્રુઆરીને રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ શોધ માટે તેમને ફિઝીકસમાં નોબલ પ્રાઈઝ મેળવ્યું હતું. નેશનલ સાયન્સ ડે - ૨૦૨૧ની ઉજવણી 'ફ્યુચર ઓફ એસટીઆઈ : ઈમ્પકેટ્સ ઓન એજ્યુકેશન, સ્કીલ્સ એન્ડ વર્ક – સાયન્સ ટેકનૉલોજી અને ઈનોવેશન નું ભવિષ્ય, શિક્ષણ, કળા અને કાર્યમાં તેની અસર' થીમ આધારિત કરવામાં આવી હતી. ગુજરાત કાઉન્સીલ ઓફ સાયન્સ સિટી દ્વારા આ દિવસની ઉજવણી અંતર્ગત એક ખાસ વેબિનરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કડી સર્વ વિશ્વ વિધ્યાલય, ગાંધીનગરના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. કૌશલ જાનીએ આ વેબીનારમાં વિષય અનુરૂપ રસપ્રદ માહિતી આપી હતી.

ડો. જાનીએ ૯૭ વર્ષની જૈફ વયે નોબલ પ્રાઈઝ મેળવનાર જોન બી.ગુડઈનફનું ઉદાહરણ આપી જણાવ્યુ હતું કે 'સંશોધન માટે ઉંમર હોતી નથી, વિદ્યાર્થી તરીકે તમારે પ્રશ્નો પૂછવા જોઈએ કેમકે એ રિસર્ચ માટે સૌથી વધુ મહત્વનુ છે અને રિસર્ચથી ઘણા પ્રશ્નોના સમાધાન મળે છે.' તેમણે જણાવ્યુ હતું કે સો વર્ષ દરમિયાન આપની ટ્રાન્સપોર્ટેશન સિસ્ટમ અને ટેકનૉલોજીમાં ઘણું પરિવર્તન આવ્યું છે તેવી જ રીતે શિક્ષણ પદ્ધતિમાં પણ પરિવર્તન જરૂરી છે. આ વેબિનારમાં વિદ્યાર્થીઓએ, સંશોધકો, વિજ્ઞાન પ્રસારકો, વિજ્ઞાન ઉત્સુકો સહિત આશરે ૨૫૦૦થી વધુ લોકો જોડાયા હતા.

જન્મદિને વધામણી

વીણા વોરા
નિવૃત્ત શિક્ષક
લાયોનેસ બોર્ડ મેમ્બર

પ્રવીણભાઈ બી પટેલ
મો. ૯૮૨૪૩ ૧૪૪૬૬

ગ્રીષ્મા એન ત્રિવેદી
લાયોનેસ કલબ

ઉમંગ ટી. પાનવાલા

મહિલા દિનની ઉજવણી નિમિત્તે સેકટર-૨૧ શાકમાર્કેટ ખાતે નેત્ર તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. મહાનગરપાલિકાના કોર્પોરેટર હંસાબા ધાંધલ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં શાકભાજીના વેપારીઓ અને દુકાનધારકોની આંખોની તપાસ કરવામાં આવી હતી.

વિશ્વ મહિલા દિને નિ:શુલ્ક કેન્સર નિદાન કેમ્પ અને ફેમીના કાર્નિવલનું આયોજન

ગાંધીનગરની મહિલા સંસ્થા લાયન્સ કલબ-ફેમીના દ્વારા મહિલાઓ માટે વિશેષ આયોજન : ફેમીના કાર્નિવલમાં અનેકવિધ ઈવેન્ટસ સાથે ફુડ ફેસ્ટિવલ પણ યોજાશે

ગાંધીનગર, તા.૨૮

આગામી તા. ૮મી માર્ચે 'વિશ્વ મહિલા દિવસ'ની ઉજવણી ધામધૂમ સાથે કરવા ઉપરાંત શહેરની મહિલાઓના આરોગ્ય જાળવણી બાબતે મદદરૂપ થવાના હેતુથી ગાંધીનગરની લાયન્સ કલબ ફેમીના દ્વારા નિઃશુલ્ક કેન્સર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેન્સર નિદાન કેમ્પ ઉપરાંત લાયન્સ કલબ ફેમીના દ્વારા મહિલાઓ માટે, મહિલાઓ દ્વારા સંચાલિત ફનફેર 'ફેમીના કાર્નિવલ'નું પણ આયોજન કરવામાં આવ્યું છે.

લાયન્સ કલબ ગાંધીનગર-ફેમીના એક એવી મહિલા સંસ્થા છે જે મહિલાઓમાં સર્જનાત્મકતા ખીલવવાથી માંડીને મહિલાઓને ઉપયોગી થાય તેવી અનેકવિધ સેવાકીય પ્રવૃત્તાઓ સાથે સંકળાયેલી છે. ફેમીના દ્વારા તા. ૮મી માર્ચે વિશ્વ મહિલા દિવસને સ્પેશ્યલ બનાવવાની પુરી તૈયારીઓ કરી લેવામાં આવી છે. કપરા કોરોનાકાળમાં પણ સતત કાર્યરત રહેલી આ સંસ્થા દ્વારા તા. ૮મી માર્ચે સેકટર-૭માં ચૌધરી કોલેજ કેમ્પસમાં મહિલાઓ માટે સ્તન અને ગર્ભાશયના મુખના કેન્સરની વિના મૂલ્યે તપાસ કરી આપતાં કેન્સર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો સમય સવારે ૯ થી બપોરના ૧.૩૦ સુધીનો રહેશે અને તેમાં વહેલા તે પહેલાના ધોરણે મહિલાઓની નિઃશુલ્ક તપાસ કરાશે. આ કેમ્પ ગુજરાત કેન્સર રીસર્ચ ઈન્સ્ટિટયુટના સહયોગથી આયોજિત કરવામાં આવ્યો છે. જેમાં પેપ સ્મીપર તથા મેમોગ્રાફી ટેસ્ટ વિના મૂલ્યે કરી આપવામાં આવશે.

આ ઉપરાંત લાયન્સ કલબ ફેમીના દ્વારા ખાસ મહિલાઓ માટે જ અને મહિલાઓ દ્વારા જ ફનફેર 'ફેમીના કાર્નિવલ'નું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગ્રૂપ ફેશન સ્પર્ધા, પરંપરાગત રમતોની સ્પર્ધા, ગ્રાન્ડ હાઉસી જેવા અનેકવિધ આકર્ષણો પણ ઉમેરવામાં આવ્યા છે. ફેમીના કાર્નિવલમાં વિના મૂલ્યે પ્રવેશ મળશે.

ફુડ ફેસ્ટિવલની મોજ પણ મહિલાઓ માણી શકશે. ફેમીના કાર્નિવલ સેકટર-૭માં લગ્નવાડી ખાતે યોજાશે જેનો સમય બપોરે ૧૨ થી સાંજના ૮.૩૦ સુધીનો નિયત કરવામાં આવ્યો છે. વિશ્વ મહિલા દિવસની આ ધમાકેદાર ઉજવણીના આયોજનમાં સહભાગી થવા માટે લાયન્સ કલબ ફેમીનાના પ્રમુખ મમતા રાવલ દ્વારા શહેરની મહિલાઓને જાહેર આમંત્રણ પાઠવવામા આવ્યું છે.

કેન્સર નિદાન કેમ્પ માટે અગાઉથી નામ નોંધાવવાના રહેશે

લાયન્સ કલબ ઓફ ગાંધીનગર-ફેમીના દ્વારા વિશ્વ મહિલા દિવસ નિમિત્તે આયોજિત નિઃશુલ્ક કેન્સર નિદાન કેમ્પનો લાભ લેવા માટે મહિલાઓએ અગાઉથી નામ નોંધાવવું હિતાવહ છે. પોતાનું નામ નોંધાવવા માટે મહિલાઓએ સંસ્થાના સંપર્ક નંબરો ૯૮૭૯૫૨૮૭૨૨ અથવા ૯૯૨૫૦૯૭૦૭૮ પર ફોન કરવાનો રહેશે તેવું સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે. કેન્સર નિદાન કેમ્પમાં મહિલાઓને સ્તન કેન્સર તથા ગર્ભાશયના મુખના કેન્સર અંગે નિષ્ણાંત તબીબો દ્વારા તપાસ કરાશે.

સરસ્વતી વિદ્યાલય દ્વારા ઓનલાઈન તોરણ બનાવવાની પ્રવૃતિ યોજાઈ

ગાંધીનગર, તા. ૧

સેક્ટર-૬ માં આવેલ સરસ્વતી વિદ્યાલયમાં ઓનલાઈન તોરણ બનાવવાની પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૧ થી ૪ ના બાળકોને ઝાડના પાંદડાનો અને ધોરણ-૫ થી ૭ ના વિદ્યાર્થીઓને કાગળનો ઉપયોગ કરવાનું જણાવવામાં આવ્યું હતું. ધોરણ ૧ થી ૪ ના વિદ્યાર્થીઓએ વિવિધ પાંદડાઓનો તેમ જ પુષ્પોનો ઉપયોગ કરીને ખુબ જ સુંદર તોરણ બનાવ્યા હતા. ધોરણ ૫ થી ૭ ના વિદ્યાર્થીઓ રંગબેરંગી કાગળનો ઉપયોગ કર્યો હતો. આ ઉપરાંત તોરણનો સુશોભિત કરવા માટે વિવિધ સામગ્રીનો પણ ઉપયોગ કર્યો હતો. બધા જ વિદ્યાર્થીઓએ તોરણ બનાવવાની પ્રવૃત્તિમાં ખુબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. વાઘેલા હંસાકુમારી ભીમસિંહ** ઉ.વ. ૫૫, સેકટર-૨૬
- **સ્વ. રાઠોડ જસવંતસિંહ કાળુસિંહ** ઉ.વ. ૪૫, સે-૨૬, જીઆઈડીસી
- **સ્વ. ઠાકોર ધૂળાજી કાળાજી** ઉ.વ. ૭૭, ચાંદીસણા, માણસા
- **સ્વ. પરમાર સાવિત્રાબેન ગણપતભાઈ** ઉ.વ. ૭૦, સેકટર-૭
- **સ્વ. પટેલ પિનલબેન પંકજભાઈ** ઉ.વ. ૧૨, લાખાજીના મુવાડા, દહેગામ
- **સ્વ. ચાવડા મુળજીભાઈ રામજીભાઈ** ઉ.વ. ૮૮, સેકટર-૩
- **સ્વ. રાવલ જીતેન્દ્રકુમાર જીવતરામ** ઉ.વ. ૬૯, પેથાપુર